# મેંદરડાના ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબની અદાલતમાં, મું.મેંદરડા.

ફોજદારી કેસ નંબર– ૩૭/૨૦૨૬
આંક :–

ફરિયાદી :– શ્રી સરકાર

// વિરૂધ્ધ//

આરોપી :– નાઝીમભાઈ નાસીરભાઈ રફાઈ,
રહે. મેંદરડા, સાતવડલા વિસ્તાર, તા.મેંદરડા, જિ.જૂનાગઢ.

બાબત :– પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એ)(એ) મુજબ

==========================================================

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી કે.બી.ટાંક
આરોપી તરફે વિ. વકીલ શ્રી પી.પી. સારીયા

==========================================================

## // ચુ કા દો //

(૧) આ કામના આરોપી સામે પ્રોહી. ૬૫(એ)(એ) મુજબના ગુનાનું ચાર્જશીટ આ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારુ રજુ કરેલ છે.

(૨) હાલના આરોપી અદાલત રૂબરૂ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપી સામે આંક– ૫ થી તહોમતનામુ ફરમાવી, આંક –૬ આરોપી ગુનો કબુલ કરતા હોવાની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. તે મતલબની આંક–૪ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતીના છે. જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) આજરોજ અદાલતમા આરોપી તરફેની રજુઆત ઘ્યાને લેતા અને કેસનુ રેકર્ડ ઘ્યાને લેતા તથા ક્રિ. અપીલ નં.૪૭૭/૦૨ વિગેરેના કામ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચંદજી ઠાકોરના કેસમા માનનીય જસ્ટીસ સાહેબ શ્રી.જે.એન.ભટ્ટ સાહેબ તથા માનનીય જસ્ટીસ સાહેબ શ્રી.ડી.એન.પટેલ સાહેબના તા–૨૨–૨–૦૫ ના રોજ સદરહુ ક્રિમીનલ અપીલમા ચુકાદામા તેમા પેરા ૮૬ મા નિરીક્ષણ કર્યા મુજબ ખાસ અને સ્પેશયલ કારણો

હોય અને પ્રથમ ગુનો હોય તેવા સંજોગોમા અદાલત જયારે આરોપી ગુનો કબુલ કરે અગર તો પુરાવાથી કેસ સાબીત થાય તેવા સંજોગોમા જે કાયદામા ઓછામા ઓછી સજા નકકી કરેલ હોય તેના કરતા પણ અદાલત ઓછી સજા કરી શકે છે. આ પ્રકારનુ નિરીક્ષણ ધ્યાને લેતા, આરોપીનો આ પ્રકારનો પ્રથમ ગુનો હોય, આ પ્રકારનુ નિરીક્ષણ ધ્યાને લેતા તથા આરોપીની સ્વેચ્છીક કબુલાતને ધ્યાનમા લેતા આરોપીને હળવામા હળવી સજા કરવાનો હુકમ કરવો યોગ્ય જણાય છે. વધુમાં આરોપી તરફેની કબુલાત ધ્યાને આરોપી સ્વેચ્છાએ કબુલાત કરે છે અને સદરહુ કબુલાત બીનકેફે કે કોઈ ગેરરજુઆત વગર કરવામાં આવેલ છે તેવુ જણાઈ આવે છે. આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે તેઓને ગુન્હો કર્યા અંગેનો પસ્તાવો છે અને હવે બીજી વખત આવા પ્રકાર નો ગુન્હો નહી કરે તેવી ખાત્રી આપતા હોય જે ધ્યાને લેતા આરોપીએ જે કબુલાત આપેલી છે તે સ્વૈચ્છિક હોય તેવુ જણાઈ આવે છે. **આ કામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ)માં રૂા.૧૦૦૦/–સુધીના દંડની જોગવાઈ છે. આ**રોપી એવી રજુઆત કરે છે કે અમોને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી છે અને અમને વધુ જેલમાં રાખવામાં આવશે તો અમારા પરિવારજનોનુ ભરણપોષણ થઈ શકે તેમ નથી અને તેમને ઓસીયાળુ જીવન જીવવાની પરિસ્થિતી ઉપસ્થિત થાય તેમ છે. જેથી ક્રિમીનલ અપીલ નં. ૪૭૭/૦૨ વિગેરેના કામે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચંદજી ઠાકોરના કેસમા જે નિરીક્ષણ કરેલ છે તે અને કેસની હકીકત ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) આ કામના આરોપી: નાઝીમભાઈ નાસીરભાઈ રફાઈ, રહે. મેંદરડા, સાતવડલા વિસ્તાર, તા.મેંદરડા, જિ.જૂનાગઢ.ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/– (અકે રૂપિયા બસ્સો પુરા) ના દંડની સજા કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૨) મુદ્દામાલ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૧૪ મી, માહે : માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ :– મેંદરડા.

**( કૃષ્ણ સિંહ રાઠૌર )**
ન્યાયીક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
**U.I.Code No. GJ001638**

**એમ. એમ. નં. તા.૧૪/૦૩/૨૦૨૬ થી રુપીયા ૨૦૦/ દંડ વસુલ લીધો.**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**રજીસ્ટ્રાર**
**જ્યુડી. મેજી. ફ. ક. કોર્ટ,**
**મેંદરડા**